

# કાર્યસ્થળે મહિલાઓ

આશિષ રાયચૂર

**ફક્ત મફત વહેચણી માટે**
ઓલ પીપલ્સ ચર્ચ અને વર્લ્ડ આઉટરિચ, બેંગ્લોર, ઈંડિયા દ્વારા છાપણી અને વહેંચણી
અત્યારની પ્રત: 2024

**માહિતી માટે સંપર્ક કરો**
All Peoples Church & World Outreach
#319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, India

ફોન: +91-80-25452617
ઈમેલ: **bookrequest@apcwo.org**
વેબસાઈટ: **apcwo.org**

પ્રત્યેક વચન એ પવિત્ર બાઇબલ O. V Reference માથી લીધેલ છે. Copyright @ The Bible Society Of India (BSI). બાઇબલની વ્યાખ્યાઓ, હિબ્રૂ અને યુનાની શબ્દો અને તેના અર્થ પવિત્ર શાસ્ત્રમાંથી લીધેલા છે.

**આર્થિક ભાગીદારી માટે**
આ પ્રકાશનોની મફત વહેંચણી ઓલ પીપલ્સ ચર્ચ ના સદસ્યો, મિત્રો અને ઉદાર દાનવીરો દ્વારા આપવામાં આવેલા દાનો દ્વારા શક્ય બનેલું છે. જો તમે આ મફત પ્રકાશનથી આશીર્વાદ પામ્યા છો તો અમે તમને ઓલ પીપલ્સ ચર્ચ દ્વારા મફત પ્રકાશનોને છાપવામાં અને વહેંચણી કરવામાં તમારા આર્થિક સહયોગને આપવામાટે નિમંત્રણ આપીએ છીએ. મહેરબાની કરીને તમે **apcwo.org/give** ની મુલાકાત કરો અને “ઓલ પીપલ્સ ચર્ચની સાથે પાર્ટનર” ઉપર ક્લિક કરો. આ પુસ્તકના પાછળના પાન ઉપર તમે તમારો આર્થિક સહયોગ કેવી રીતે કરી શકો તે લખેલું છે. તમારો આભાર!

**મફત સામગ્રી અને તેના અનુસંધાનમાં વેબસાઇટ**
**સંદેશાઓને માટે**: apcwo.org/sermons|**પુસ્તકો**: apcwo.org/books
**ચર્ચની એપ**: apcwo.org/app | **બાઇબલ કોલેજ**: apcbiblecollege.org|
**ઈ – લર્નિંગ**: apcbiblecollege.org/elearn | કાઉન્સીલિંગ: chrysalislife.org
**સંગીત**: apcmusic.org | **સેવકોની સંગતી**: pamfi.org
**એપીસી જાગતિક મિશન**: apcworldmissions.org

(Gujarati – Women in the Workplace)

# કાર્યસ્થળે મહિલાઓ

# અનુક્રમણિકા


1. કાર્યસ્થળે મહિલાઓનું હોવું શું યોગ્ય છે? 1

2. કાર્યસ્થળે રહીને મહિલાઓ કુટુંબ, કાર્ય અને પોતાના આત્મિક જીવન વચ્ચે સંતુલન કેવી રીતે રાખી શકે? 11

3. કાર્યસ્થળના પડકારોને મહિલાઓ કેવી રીતે પાર પાડી શકે? 16

4. બેવડી આવક ધરાવતા કુટુંબની મુશ્કેલીઓ—તેને કેવી રીતે ટાળવી 21

# 1
# કાર્યસ્થળે મહિલાઓનું હોવું શું યોગ્ય છે?

"કાર્યસ્થળે મહિલાઓ" એ વિષય પર જ્યારે મેં પ્રથમવાર બોલવાનું નક્કી કર્યું ત્યારે મારા પત્ની એમીએ મને પૂછ્યું, "તમને શું લાગે છે કે તમે આ વિષય પર વાત કરવા માટે યોગ્ય વ્યક્તિ છો?" "મેં ઉત્તર આપ્યો, મારો અભિગમ સરળ છે! હું ઉત્પત્તિથી પ્રકટીકરણ સુધી બાઇબલનો અભ્યાસ કરીને શોધીશ કે આ વિષય સંદર્ભે બાઇબલ શું કહે છે, તેને હું પ્રેક્ષકો સમક્ષ રજૂ કરીશ." તેથી, અત્રે હું જે કંઇપણ લખી રહ્યો છું તે મારો પોતાનો અનુભવ નથી પરંતુ સ્પષ્ટપણે બાઇબલના મારા અભ્યાસને આધારે છે. આ વિષય સંદર્ભે બાઇબલનો અભિગમ લઈને, આવો આપણે તેના શિક્ષણને આપણાં જીવનોમાં લાગુ કરતા શીખીએ!

શું મહિલાઓએ કાર્યસ્થળે હોવું યોગ્ય છે? આ વિષય પર લોકોના મંતવ્યો ભિન્ન ભિન્ન છે. કેટલાક કહે છે, "હા" જ્યારે કેટલાક કહે છે, "ના! સ્ત્રીઓએ ઘરમાં જ રહેવું જોઈએ અને ઘરની બહાર નીકળવું ન જોઈએ." પોતાના મંતવ્યને સમર્થન આપવા માટે લોકો કદાચ પવિત્ર શાસ્ત્રના વચનો પણ ટાંકે. પરંતુ આવો આપણે આ અંગે બાઇબલના પરિપ્રેક્ષ્યને સમજીએ.

## મહિલાઓ અંગે બાઇબલની વિચારસરણી

**ઉત્પત્તિ 2:18**
**અને યહોવા ઈશ્વરે કહ્યું, "માણસ એકલો રહે તે સારું નથી. હું તેને યોગ્ય એવી એક સહાયકારી સૃજાવીશ."**

સ્ત્રીનું સૃજન કેમ કરવામાં આવ્યું? ઈશ્વરે બે સરળ કારણો માટે સ્ત્રીનું સૃજન કર્યું—પુરુષને માટે સાથી અને સહાયકારી બનાવવા માટે. સ્ત્રી પુરુષની "સહાયકારી" બનવાની હતી. હિબ્રૂ

ભાષામાં, આનો અર્થ "સામેનો ભાગ" અથવા "પ્રતિ ભાગ" એવો થાય છે. તેથી, સ્ત્રીને પુરુષની નીચે નહિ પરંતુ તેના પ્રતિભાગ— એક સમાન ભાગ તરીકે બનાવવામાં આવી છે. આ રીતે સ્ત્રી અને પુરુષને એક સમાન રીતે બનાવવામાં આવ્યા છે. તેથી, સ્ત્રી અને પુરુષ વચ્ચેનો સંબંધ કુદરતી રીતે પારસ્પરિક હોવાનો ઇરાદો હતો. તે બંનેએ એકબીજાના "સાથી અને સહાયકારી" બની રહેવાનુ હતું. પરંતુ પાપને કારણે, આ બધુ બદલાઈ ગયું.

ઉત્પત્તિ 3:16
**સ્ત્રીને તેણે કહ્યું, "હું તારો શોક તથા તારી ગર્ભાવસ્થાનું દુ:ખ ઘણું જ વધારીશ. તું દુ:ખે બાળકને જન્મ આપશે; અને તું તારા ધણીને આધીન થશે, ને તે તારા પર ધણીપણું કરશે."**

શરૂઆતમાં ઈશ્વરે સ્ત્રી અને પુરુષને એકબીજાના પ્રતિભાગ-સમાનભાગ તરીકે સૃજવાની યોજના બનાવી હતી, પરંતુ પ્રથમ પાપના દિવસથી, સ્ત્રી પુરુષને આધીન બની ગઈ, તેની ઈચ્છા અને ઝંખના તેના પતિ પ્રત્યે બની ગઈ, અને તેના પતિએ તેની ઉપર અધિકાર ચલાવ્યો. આ રીતે, પ્રથમ પાપને કારણે, આજે, આપણે પતિત જગતમાં છીએ જ્યાં પુરુષ આધિપત્ય કરે છે. આ એક પતિત જગત છે જે ઈશ્વરના ઈરાદા પ્રમાણેનું નથી. પરંતુ સુસમાચાર એ છે કે જે ઉદ્ધાર ખ્રિસ્તદ્વારા છે તેમાં સ્ત્રીને પુરુષ સમાન તરીકે પુન:સ્થાપિત કરી છે. ખ્રિસ્તમાં કોઈ નર નથી કે નારી નથી. *"માટે હવે યહૂદી કે ગ્રીક કોઈ નથી, દાસ કે સ્વતંત્ર કોઈ નથી, પુરુષ કે સ્ત્રી કોઈ નથી; કેમ કે તમે બધાં ખ્રિસ્તમાં એક છો"* (ગલાતીઓને પત્ર 3:28).

પુરુષ અને સ્ત્રી બંને હવે જીવનની કૃપાના સહ વારસો (ગ્રીકમાં "એકસાથે સહભાગી") છે.

પિતરનો પહેલો પત્ર 3:7
**એ જ પ્રમાણે પતિઓ, સ્ત્રી નબળું પાત્ર છે એમ જાણીને, તેની સાથે સમજપૂર્વક રહો, અને તમે તેઓની સાથે જીવનની કૃપાના સહવારસ છો એમ ગણીને, તેને માન આપો; જેથી તમારી પ્રાર્થના અટકાવવામાં ન આવે.**

પુરુષે એ સમજવું પડશે કે હવે, સ્ત્રી ઈશ્વરની બાબતોમાં સમાનભાગ છે. જો કે, ઉદ્ધારવિહીન પતિત જગતમાં, આપણે હજી મુખ્યત્વે જોઈ શકીએ છીએ કે પુરુષ પ્રભુત્ત્વ ધરાવે છે. જગત હજી સુધી સંપૂર્ણપણે ઉદ્ધાર પામ્યું નથી અને તેથી આ માળખું ચાલુ રહ્યું છે.

## બાઇબલમાંની સ્ત્રીઓ

ઈશ્વરના વચનના અભ્યાસમાં, આપણે જોઈએ છીએ કે સમગ્ર ઇતિહાસમાં ઈશ્વરે ઘરની બહાર સ્ત્રીઓનો વિવિધ ક્ષમતાઓમાં ઉપયોગ કર્યો છે.

ઉદાહરણોની એક ત્વરિત સૂચિ.

### *મરિયમ પ્રબોધિકા*

**નિર્ગમન 15:20**
**અને હારુનની બહેન મરિયમ પ્રબોધિકાએ પોતાના હાથમાં એક ડફ લીધું; અને સર્વ સ્ત્રીઓ ડફ વગાડતાં ને નાચતાં નાચતાં તેની પાછળ ચાલી.**

### *કરારકોશ બાંધવામાં સ્ત્રીઓએ મદદ કરી*

**નિર્ગમન 35:22,25,26**
**22 અને જેટલા પુરુષો તથા સ્ત્રીઓ રાજી હતાં, તેટલાં નથનીઓ તથા વાળીઓ તથા મુદ્રિકાઓ તથા બંગડીઓ, એ બધાં સોનાનાં ઘરેણાં લઈને આવ્યાં; એટલે યહોવાને સોનાનું અર્પણ ચઢાવનાર પ્રત્યેક માણસે એમ કર્યું.**
**25 અને સર્વ બુદ્ધિમાન સ્ત્રીઓ પોતાને હાથે કાંતીને પોતાનું કાંતેલું, એટલે નીલ તથા જાંબુડા તથા કિરમજી રંગનું તથા ઝીણું શણ લાવી.**
**26 અને જે સર્વ સ્ત્રીઓના મનમાં પ્રેરણા થઈ, તેઓએ બકરાંના વાળ કાંત્યા.**

### *ઈશ્વર ઇચ્છતા હતા કે સ્ત્રીઓને ઈશ્વરના વચન શીખવવામાં આવે*

**પુનર્નિયમ 31:12**
**લોકોને, એટલે પુરૂષોને તથા સ્ત્રીઓને તથા બાળકોને, તથા તારાં ગામોમાં**

**રહેનાર તારો જે પરદેશી, તેઓને એકત્ર કરજે, એ માટે કે તેઓ સાંભળે તથા શીખે, ને યહોવા તારા ઈશ્વરથી બીએ, ને આ નિયમનાં સર્વ વચનો પાળે તથા અમલમાં લાવે.**

## *દબોરા*

દબોરા, એક પ્રબોધિકા, જે ઇઝરાયલમાં એક ન્યાયાધીશ પણ હતી (ન્યાયાધીશો 4:4).

## *યાએલ*

યાએલ એક ગૃહિણી હતી જેણે સીસરાના માથામાં મેખ મારીને ઇઝરાયલને વિજય અપાવ્યો (ન્યાયાધીશો 4:21).

## *યરૂશાલેમનો કોટ ફરીથી બાંધવા માટે ઈશ્વરે સ્ત્રીઓનો ઉપયોગ કર્યો*

**નહેમ્યા 3:12**

**તેની પાસે હાલ્લોહેશનો પુત્ર શાલ્લુમ, જે યરૂશાલેમના અર્ધા ભાગનો અધિકારી હતો, તે તથા તેની દીકરીઓ મરામત કરતાં હતાં.**

## *એસ્તેર*

એસ્તેર એક રાણી હતી જેણે ઈશ્વરના લોકોના છૂટકારાનું કાર્ય કર્યું.

## *સ્ત્રીઓએ ઈસુની સેવા કરી*

નવા કરારમાં, આપણે સ્ત્રીઓ વિષે વાંચીએ છીએ કે જેઓએ ઈસુની સેવા કરી.

**માર્ક 15:41**

**જ્યારે તે ગાલીલમાં હતા ત્યારે તેઓ તેમની પાછળ ચાલીને તેમની સેવા કરતી હતી; અને તેમની સાથે યરુશાલેમમાં આવેલી બીજી પણ ઘણી સ્ત્રીઓ [ત્યાં હતી.]**

**લૂક 8:1-3**

**[1] થોડી મુદત પછી શહેરેશહેર તથા ગામેગામ ઉપદેશ કરતા તથા ઈશ્વરના રાજ્યની સુવાર્તા પ્રગટ કરતા ફર્યા, અને તેમની સાથે બાર શિષ્યો હતા.**

**[2] કેટલીક સ્ત્રીઓ જેઓને ભૂંડા આત્માઓથી તથા મંદવાડમાંથી સાજી કરવામાં આવી હતી, એટલે મગદલાની મરિયમ જેનામાંથી સાત ભૂંડા આત્મા નીકળ્યા હતા તે,**

**[3] હેરોદના કારભારી ખૂઝાની પત્ની યોહાન્ના, સુસાન્ના તથા બીજી ઘણી સ્ત્રીઓ જેઓ પોતાના પૈસામાંથી તેમની સેવા કરતી હતી તેઓ પણ [તેમની સાથે] હતી.**

## *લુદીયા*

**પ્રેરિતોના કૃત્યો 16:14**

**તેઓમાં થૂઆતૈરા શહેરની જાંબુડિયા [વસ્ત્ર] વેચનારી, લુદીયા નામની એક સ્ત્રી હતી, એ ઈશ્વરભક્ત હતી, તેણે અમારું સાંભળ્યું, ત્યારે પ્રભુએ તેનું અંતઃકરણ એવું ઉઘાડયું કે, તેણે પાઉલની કહેલી વાતો લક્ષમાં લીધી.**

લુદીયા, ફિલિપી શહેરમાં જાંબુડિયા વસ્ત્ર વેચનારી સ્ત્રી હતી. ફિલિપી શહેરમાં મંડળીની સ્થાપના કરવા માટે પોતાનું ઘર ખુલ્લું મૂકવા માટે ઈશ્વરે તેનો ઉપયોગ કર્યો. *"તેઓ બંદીખાનામાંથી નીકળીને લુદીયાને ત્યાં આવ્યા. અને ભાઈઓને મળીને તેઓએ તેમને દિલાસો આપ્યો અને ત્યાંથી વિદાય થયા"* (પ્રેરિતોના કૃત્યો 16:40).

## *આકુલા અને પ્રિસ્કીલા*

**પ્રેરિતોના કૃત્યો 18:1-4**

**[1] એ પછી [પાઉલ] આથેન્સથી નીકળીને કરિંથ આવ્યો.**

**[2] ત્યાં પોન્તસનો વતની, આકુલા નામે એક યહૂદી, જે થોડી મુદત પર ઇટાલીથી આવેલો હતો, તે તથા તેની સ્ત્રી પ્રિસ્કીલા તેને મળ્યાં, કેમ કે ક્લોડિયસે બધા યહૂદીઓને રોમમાંથી નીકળી જવાની આજ્ઞા કરી હતી. તે તેઓને ત્યાં ગયો.**

**[3] તે તેઓના જેવો ધંધો કરતો હતો, માટે તે તેઓને ઘેર રહ્યો, અને તેઓ સાથે કામ કરતા હતા. તેઓનો ધંધો તંબુ [નાં કપડાં] વણવાનો હતો.**

**4 દરેક વિશ્રામવારે તે સભાસ્થાનમાં જઈને વાદવિવાદ કરતો હતો, અને યહૂદીઓને તથા ગ્રીકોને સમજાવતો હતો.**

આકુલા અને પ્રિસ્કીલા તંબુ બનાવવાનો વ્યવસાય કરતા હતા—એક વ્યવસાયી યુગલ કે જે પાઉલની સેવામાં ભાગીદાર હતું. લગભગ અન્ય ત્રણ જગ્યાએ, પાઉલ તેમને પોતાના સહકાર્યકરો તરીકે વર્ણવે છે (રોમનોને પત્ર 16:3; કરિંથીઓને પહેલો પત્ર 16:19; તિમોથીને બીજો પત્ર 4:19).

## *ફેબી, જુનિયાસ તથા અન્ય સ્ત્રીઓ*

**રોમનોને પત્ર 16:1-7**

**1 વળી આપણી બહેન ફેબી જે કિંખ્રિયામાંની મંડળીની સેવિકા છે, તેને માટે હું તમને ભલામણ કરું છું કે,**

**2 સંતોને ઘટે તેવી રીતે તમે પ્રભુને લીધે તેનો સ્વીકાર કરો અને જે જે બાબતોમાં તેને તમારી [મદદની] જરૂર પડે તેમાં તમે તેને સહાય કરજો. કેમ કે તે પોતે જ ઘણાને તથા મને પોતાને પણ સહાય કરનાર થઈ છે.**

**3 ખ્રિસ્ત ઈસુમાં મારી સાથે કામ કરનારા પ્રિસ્કા તથા આકુલાને સલામ કહેજો.**

**4 તેઓએ મારા જીવને માટે પોતાની ગરદનો ધરી છે. તેઓનો આભાર હું એકલો જ નહિ, પણ વિદેશીઓમાંની સર્વ મંડળીઓ પણ માને છે.**

**5 વળી તેઓના ઘરમાં જે મંડળી છે તેને સલામ કહેજો. મારો વહાલો અપાઈનેતસ જે ખ્રિસ્તને માટે આસિયાનું પ્રથમફળ છે તેને સલામ કહેજો.**

**6 મરિયમ જેણે તમારે માટે ઘણી મહેનત કરી તેને સલામ કહેજો.**

**7 મારા સગા તથા મારી સાથેના બંદીવાન આંદ્રોનિક્સ તથા જુનિયાસને સલામ કહેજો; તેઓ પ્રેરિતોમાં નામીચા છે, અને મારાથી અગાઉ ખ્રિસ્તમાં આવેલા છે.**

ફેબી, એક સેવિકા જે મંડળીની દેખરેખની કામગીરી સંભાળતી હતી. જુનિયાસ, એક પ્રેરિત સ્ત્રી જે પાઉલની સાથે સહકાર્યકર હતી. અન્ય સ્ત્રીઓએ પણ પાઉલ સાથે સેવામાં સહભાગીદારી નિભાવી હતી કે જેઓને "... બહેનો.. તેઓએ મારી સાથે... સુવાર્તા[ના પ્રચાર]માં ઘણો પ્રયાસ કર્યો છે" (ફિલિપીઓને પત્ર 4:3)માં દર્શાવવામાં આવી છે.

આ કેવળ એક ઝાંખી કે છે કે જેમાં આપણે જોઈ શકીએ છીએ કે ઈશ્વરે તેમના કાર્યમાં કેવી રીતે સ્ત્રીઓને પરંપરાગત ઘરની વ્યવસ્થાના કામ સાંભળવાના સંદર્ભની બહાર પણ ઉપયોગ કરીને સામેલ કરી.

## સ્ત્રીનું પ્રાથમિક તેડું

બાઇબલ બહુ સ્પષ્ટ છે કે સ્ત્રીનું પ્રાથમિક તેડું તેના પતિ માટે એક પત્ની બનવા માટેનું, બાળકો માટે માતા બનવા માટેનું, પોતાના ઘરને સુવ્યસ્થિત રાખવા માટેનું છે,

**તિમોથીને પહેલો પત્ર 5:14**
**માટે જુવાન [વિધવાઓ] પરણે, બાળકોને જન્મ આપે, ઘર ચલાવે, અને વિરોધીઓને નિંદા કરવાનું નિમિત્ત ન આપે, એવી મારી ઇચ્છા છે.**

“ઘર ચલાવે” (ગ્રીક શબ્દ *ઓઇકોડેસ્પોટીઓ*) = કુટુંબની મુખ્ય વ્યક્તિ (શાસન કરનાર), ઘરને દોરનાર.

**તિતસને પત્ર 2:4,5**
**4 એ માટે કે તેઓ જુવાન સ્ત્રીઓને તેમના પતિ પર તથા બાળકો પર પ્રેમ રાખવાનું સમજાવે,**
**5 અને પ્રભુની વાતની નિંદા ન થાય, માટે તેઓ તેમને મર્યાદાશીલ, પતિવ્રતા, ઘરનાં કામકાજ કરનારી, માયાળુ થવાનું તથા તેમના પતિને આધીન રહેવાનું સમજાવે.**

“ઘરનું રક્ષણ કરનારી” (ગ્રીક શબ્દ *ઓઈકૌરોસ*) જેમાંથી *‘ઓઇકોસ’* (રહેઠાણ, કુટુંબ, ઘર) અને *‘યુરોસ’* (રક્ષક)

તેથી, *‘ઓઈકૌરોસ’* એટલે ઘરે રહેનાર, એટલે કે, ઘરેલું વલણ ધરાવનાર (એક “સારી ગૃહિણી”), ઘરનું રક્ષણ કરનાર.

સ્ત્રીએ પોતાના ઘર કે કુટુંબની બાબતોને યોગ્ય રીતે ચલાવવી જોઈએ અને પોતાના ઘરમાં આગેવાની પૂરી પાડવી પડશે. અહીં તે કેવી રીતે યોગ્ય સંતુલન જાળવી શકે? તો શું તે યોગ્ય કહેવાશે કે સ્ત્રીએ ઘરની બહાર કાર્યસ્થળે જવું જોઈએ?

ઉત્તર છે “હા”.

## કાર્યસ્થળમાં મહિલાઓ માટેની બાબત

- બાઇબલ સ્પષ્ટપણે ક્યાંય જણાવતું નથી કે સ્ત્રીઓએ કાર્યસ્થળે ન હોવું જોઈએ. બાઇબલ આધારિત અર્થઘટન મુજબ, જો બાઇબલ કોઈ એક બાબત વિષે વિરોધ નથી કરતું તો તેનો અર્થ એવો થાય કે ઈશ્વર આપણને પવિત્ર શાસ્ત્રના અન્ય સંબધિત વચનો વડે મર્યાદાઓમાં રહીને યોગ્ય નિર્ણય લેવાની અનુમતિ આપે છે.

દાખલા તરીકે, ઈશ્વરે કહ્યું, “હું તમને સાજો કરનાર તમારો ઈશ્વર છું,” પરંતુ તેમણે આપણને દવા ન લેવાનું કે ડોક્ટર પાસે ન જવાનું નથી કહ્યું. પરંતુ કેટલાએક તેનો અર્થ એવો કાઢે છે. સાજાપણા માટે આપણે ઈશ્વર તરફ દૃષ્ટિ કરવાની જરૂર છે, પરંતુ આપણે જ્યારે બીમાર છીએ ત્યારે તેને માટે દવા લેવી કે ડોક્ટરની સલાહ લેવી ખોટી બાબત નથી. એજ રીતે, ઈશ્વરે ચોક્કસ કહ્યું છે કે સ્ત્રીનું પ્રાથમિક તેડું તેના પતિની પત્ની થવું, બાળકોની માતા થવું કે પોતાના ઘરની દેખરેખ રાખવી તે છે. પરંતુ ઈશ્વરે એવું પણ નથી કહ્યું કે સ્ત્રીએ વ્યવસાય કે ધંધામાં સામેલ થવું જોઈએ નહિ. તેથી મહેરબાની કરીને પવિત્ર શાસ્ત્રનું ખોટું અર્થઘટન ન કરો.

- લોકોને કૃપાનું દાન જાતિય લિંગના ભેદભાવ વિના આપવામાં આવ્યું છે.

**રોમનોને પત્ર 12:6-8**

**6 આપણને જે કૃપાદાન આપવામાં આવ્યું છે, તે પ્રમાણે આપણને જુદાં જુદાં વરદાન મળ્યાં છે. તેથી જો પ્રબોધ કરવાનું દાન મળ્યું હોય, તો પોતાના વિશ્વાસના પ્રમાણમાં તેણે [પ્રબોધ] કરવો.**

**7 અથવા જો સેવાનું, તો સેવામાં [તત્પર રહેવું]; વળી જે શિક્ષક હોય તેણે શિક્ષણ આપવામાં [મંડ્યા રહેવું].**

**8 અને જે સુબોધ કરનાર, તેણે સુબોધ કરવામાં લાગુ રહેવું; જે દાન કરે છે, તેણે ઉદારતાથી કરવું. જે અધિકારી છે, તેણે ખંતથી અધિકાર ચલાવવો,**

**અને જે દયા રાખે, તેણે ઉમંગથી રાખવી.**

કેટલીક સ્ત્રીઓ હશે જેઓને આગેવાનીનું, સંચાલન કરવાનું, શિક્ષણનું, પ્રબોધ કરવાનું અને મોટી નાણાંકીય જવાબદારી સાંભળવાનું કૃપાદાન હશે. આ કૃપાદાનો જાતીય લિંગને આધારે આપવામાં આવ્યા નથી. દેખીતી જગ્યાઓમાંથી એક જગ્યા જ્યાં આ કૃપાદાનોનો અમલ કરવો પડી શકે છે તે ઘરની બહારની પરિસ્થિતિઓમાં, કાર્યસ્થળે હશે.

નીતિવચનો 31 માં, સ્ત્રીનું વર્ણન તેની ઘરની કુશળતા વિષે જ નથી પરંતુ ઘરની બહારની પ્રવૃતિમાં તેને સામેલ થતી દર્શાવવામાં આવી છે, જે પૈકી કેટલીક પ્રવૃત્તિઓ તો તેના વ્યવસાયમાં સામેલ હોય તેવા સંકેત આપે છે. આ એટલા માટે છે કેમ કે તેને તે કાર્ય કરવા માટે ઈશ્વરની કૃપા અને તે માટેના કૃપાદાનો આપ્યા છે.

**નીતિવચનો 31:16,19,24**

**[16] તે કોઈ ખેતરનો વિચાર કરીને તેને ખરીદે છે; પોતાની કમાણીથી તે દ્રાક્ષાવાડી રોપે છે.**

**[19] તે પોતાના હાથ રેંટિયાને લગાડે છે, અને તેના હાથ ત્રાકને પકડે છે.**

**[24]તે શણનાં વસ્ત્ર બનાવીને વેચે છે; અને વેપારીને કમરબંધ [બનાવી] આપે છે.**

- એવા કિસ્સાઓમાં કે જ્યાં પુરુષે પરિવાર પ્રત્યેની પોતાની જવાબદારી છોડી દીધી હોય.

આ બાબત જ્યાં પિતા ગેરહાજર હોય અને પતિની હાજરી પણ ના હોય. આ પ્રકારના કિસ્સાઓમાં, જો સ્ત્રીને બાળકોની સંભાળ લેવાની હોય તો, તેને પરિવારની આગેવાની લેવા માટે, બહાર જવા માટે, કમાવવા માટે, પરિવારને દોરવણી આપવા માટે અને ઘર ચલાવવા માટેની છૂટ છે. આવા કિસ્સાઓમાં આપણે તેને પાઉલની સૂચના, *“માટે જુવાન [વિધવાઓ] પરણે, બાળકોને જન્મ આપે, ઘર ચલાવે, અને વિરોધીઓને નિંદા કરવાનું નિમિત્ત ન આપે, એવી મારી ઇચ્છા છે”* (તિમોથીને

પહેલો પત્ર 5:14) ટાંકી શકતા નથી અને ઘરમાં જ રહે તથા કાગડાઓ તેનું પોષણ કરે તેવી અપેક્ષા રાખી શકતા નથી!

- એવા કિસ્સાઓમાં જ્યાં નાણાંકીય બાબતોને કારણે તે જરૂરી હોય.

જો પતિ ઘરે હોય અને કોઈ કમાણી ન કરતો હોય અથવા તો તેની કમાણી ઘર ચલાવવા માટે પૂરતી ન હોય, તો સ્ત્રીએ ઘર પણ ચલાવવાનું રહે છે અને નાણાંકીય રીતે ઘરને મદદરૂપ થવા માટે બહાર જઈને કામ કરવાની પણ જરૂર રહે છે.

## મનન

1) તમે કેવી રીતે એ નિષ્કર્ષ પર આવશો કે સ્ત્રીએ કામ કરવા માટે કાર્યસ્થળ પર હોવું યોગ્ય છે?

# 2
# કાર્યસ્થળે રહીને મહિલાઓ કુટુંબ, કાર્ય અને પોતાના આત્મિક જીવન વચ્ચે સંતુલન કેવી રીતે રાખી શકે?

પુરુષો કરતાં બહાર જઈને કામ કરતી સ્ત્રીઓ માટે કુટુંબ, કામ અને તેમની પોતાની આત્મિકતા વચ્ચે સંતુલન રાખવું એ મોટો પડકાર છે. પુરુષ કામ પરથી ઘરે પરત આવીને અપેક્ષા રાખે છે કે તેની સેવા કરવામાં આવે. પરંતુ કામ કરતી સ્ત્રી કેવળ બહાર જઈને કામ કરે છે એટલું જ નહીં, પણ ઘરે પરત ફરે છે અને પોતાના પતિ અને બાળકોની સેવા કરવા ફરીથી ઘરકામમાં લાગી જાય છે.

## ઈશ્વર એક વ્યક્તિ તરીકે સ્ત્રીનું મૂલ્ય આંકે છે

સ્ત્રીઓએ હંમેશા  યાદ રાખવું જોઈએ કે ઈશ્વર કોઈપણ જાતના ભેદભાવ વિના તેનું એક વ્યક્તિ તરીકે મૂલ્ય આંકે છે. ઉત્પત્તિ 3:16 પ્રમાણે, પ્રથમ પાપનો એક શાપ છે કે સ્ત્રીની ઈચ્છા તેના પતિને આધીન રહેશે. તેને પરિણામે, દરેક સ્ત્રી પોતાની ઓળખના સ્રોત માટે તે તેના પતિ તરફ દૃષ્ટિ કરે છે. તેની નામની પાછળ પણ તેના પતિનું જ નામ લખાવે છે. તેના સ્વ-મૂલ્ય સહિત તેનું સમગ્ર અસ્તિત્વ જાણે કે તેના પતિ તરફથી આવ્યું હોય તેવું લાગે છે.

બહેનો, તમારે દરેકે તમારી દૃષ્ટિ તમારા પતિ તરફથી હટાવીને ઈશ્વર તરફ કેન્દ્રિત કરવાની જરૂર છે કારણ કે ઈશ્વર એક વ્યક્તિ તરીકે તમારું મૂલ્ય આંકે છે. તમારી ઈચ્છાઓની આધીનતા ઈશ્વર તરફ રાખવાની જરૂર છે. તમારા પોતાના સ્વ-મૂલ્ય અને પોતાની ઓળખ માટે  તમારે ઈશ્વર તરફ

નિહાળવાની જરૂર છે.

**ગલાતીઓને પત્ર 3:28**
**માટે હવે યહૂદી કે ગ્રીક કોઈ નથી, દાસ કે સ્વતંત્ર કોઈ નથી, પુરુષ કે સ્ત્રી કોઈ નથી; કેમ કે તમે બધાં ખ્રિસ્તમાં એક છો.**

ઈશ્વરના રાજ્યમાં કોઈ જાતિય લિંગ ભેદ નથી. સ્ત્રી અને પુરુષ ઉદ્ધાર પામવા તથા આશીર્વાદ, અભિષેક, કૃપાદાન, અને સેવાને માટે ઈશ્વર દ્વારા આપવામાં આવતા તેડાં તથા પદ માટે એકસમાન રીતે હકદાર છે.

**કરિંથીઓને પહેલો પત્ર 11:3,11,12**
**3 પણ હું તમને જણાવવા ઇચ્છું છું કે દરેક પુરુષનું શિર ખ્રિસ્ત છે, અને સ્ત્રીનું શિર પુરુષ છે, અને ખ્રિસ્તનું શિર ઈશ્વર છે.**
**11 તોપણ પ્રભુમાં સ્ત્રી પુરુષ વગર નથી, તેમ જ પુરુષ પણ સ્ત્રી વગર નથી.**
**12 કેમ કે જેમ સ્ત્રી પુરુષથી [થઈ] છે, તેમ પુરુષ સ્ત્રીની મારફતે; પણ સર્વ પ્રભુથી છે.**

એ જ સમજણમાં કે પુરુષ સ્વેચ્છાએ પોતાને ખ્રિસ્તની આધીનતા હેઠળ લાવે છે અથવા તો જેમ ખ્રિસ્ત, પિતા સાથે સમાન હોવા છતાં જ્યારે પૃથ્વી પર હતા ત્યારે સ્વેચ્છાએ પોતાને પિતાની ઇચ્છાને સ્વાધીન કરે છે, તે જ પ્રમાણે સ્ત્રી પણ સ્વેચ્છાએ પોતાને પુરુષના આધિપત્ય નીચે લાવી શકે છે. આ પ્રમાણે કરવાથી તે કોણ છે અથવા શું છે તેમાં કોઈ ઘટાડો થતો નથી અથવા તો તે તેને પુરુષથી નિમ્ન કક્ષાની કરતી નથી. ઈશ્વરમાં સ્ત્રી અને પુરુષ બંને એકબીજા ઉપર આધારિત છે (કરિંથીઓને પહેલો પત્ર 11:11). પુરુષ તથા સ્ત્રી બંને તેઓના જીવન, ઓળખ અને અન્ય સઘળી બાબતો ઈશ્વર પાસેથી મેળવે છે!

## તમારા પ્રથમ પ્રેમને સ્વીકારો

સ્ત્રીઓ, તમારો પ્રથમ પ્રેમ તમારા પતિ **નથી**! તમારો પ્રાથમિક ઉદ્દેશ ઈશ્વર સાથે ઘનિષ્ઠ સંબંધ બાંધવાનો છે.

**લૂક 10:38-41**
**38 તેઓ માર્ગે ચાલતા હતા તે દરમિયાન તે એક ગામમાં પેઠા; અને માર્થા નામે એક સ્ત્રીએ પોતાને ઘેર તેમને પરોણા રાખ્યા.**
**39 મરિયમ નામે તેની એક બહેન હતી, તે ઈસુના ચરણ આગળ બેસીને તેમની વાત સાંભળતી હતી.**
**40 પણ માર્થા કામ ઘણું હોવાથી ગભરાઈ, તેથી તેણે તેમની પાસે આવીને કહ્યું, “પ્રભુ, મારી બહેને મને કામ કરવાને એકલી મૂકી છે, તેની શું તમને ચિંતા નથી? તેથી તેને કહો કે તે મને સહાય કરે.”**
**41 પણ પ્રભુએ તેને કહ્યું, “માર્થા, માર્થા, તું ઘણી વાતો વિષે ચિંતા કરે છે અને ગભરાય છે!**

આ ફકરામાં, માર્થા રસોઈ કરતી અને ઈસુની સેવાપ્રતિ ધ્યાન કેન્દ્રિત કરતી એક લાક્ષણિક ગૃહિણીનું પ્રતિક છે. પરંતુ ઈસુ તેને આરામ કરવા અને તેમના ચરણોમાં બેસવા કહે છે અને મરિયમ જે કરતી હતી તે કરવા કહે છે. સ્ત્રીઓ, તમે “માર્થા” બનો તે પહેલા તમારી પ્રાથમિકતા “મરિયમ” બનવાની છે. અલબત્ત, તેનો અર્થ એવો નથી થતો કે તમે “મરિયમ” બનીને ઈસુના ચરણોમાં બેસી રહો અને તમારા પતિને ઘરનું કામ કરવા માટે “માર્થા” બનાવો! તે તમારી જવાબદારીની નિષ્ફળતા હશે. તમારે “માર્થા” અને “મરિયમ” બંને બનવાનું છે.

## પત્ની, માતા અને ગૃહિણી તરીકેના તમારા પ્રાથમિક તેડાને સ્વીકારો

કામ કરતી ઘણી સ્ત્રીઓ માટે, આ એક મોટો પડકાર હોય શકે છે. ઓફિસમાં, મહિનાના અંતે તેને મહેનતાણું ચૂકવવામાં આવે છે તથા કેટલાક પુરસ્કારો, માન્યતા અથવા  બઢતી આપવામાં આવે છે જે તેને કંઈક હાંસલ કર્યાની અનુભૂતિ કરાવે છે. બીજી બાજુ, ઘરે, સ્ત્રીને આ પૈકીનું કશું જ પ્રાપ્ત થતું નથી. પરંતુ જો સ્ત્રી તેના આ પ્રાથમિક તેડામાં નિષ્ફળ જાય તો કાર્યસ્થળે કે ઓફિસમાં મળેલી સફળતાનો કોઈ અર્થ રહેતો નથી.

**નોંધ**: દેખીતી રીતે, જો તમે પરણિત નથી તો આ બાબત હાલ તમને લાગુ પડતી નથી. અથવા જો તમે વધુ ઉંમરના છો તો

આ એવી બાબત છે કે જે તમે અગાઉથી પરિપૂર્ણ કરી દીધી છે.

## ખ્રિસ્તના શરીર (મંડળી)માં તમારા તેડાને સ્વીકારો

સ્ત્રીઓ, કાર્યસ્થળના તમારા તેડાને તમે સ્વીકારો તે પહેલા, તમારે એ યાદ રાખવું પડશે કે દરેક સ્ત્રીને ખ્રિસ્તના શરીર (મંડળી)માં એક ચોક્કસ સ્થાન છે. સ્ત્રીઓ સામાન્ય રીતે આ બાબતને અવગણે છે કે ભૂલી જાય છે અને કાર્યસ્થળે ધસી જાય છે. આજે ખ્રિસ્તના શરીર (મંડળી)માં ઘણીબધી માતાઓ ખૂટે છે. જે સ્ત્રીઓ નાની ઉંમરની સ્ત્રીઓ માટે ઈશ્વરીય આદર્શ બની શકે, તેઓ ઈશ્વરના ઘર(મંડળી)માંથી ગાયબ છે કારણ કે તેઓ બહારના કામોમાં વ્યસ્ત છે. ખ્રિસ્તના શરીર (મંડળી)માં દરેક સ્ત્રીને માટે ઈશ્વર તરફથી આપવામાં આવેલ એક ચોક્કસ સેવા છે. મંડળીમાં તમારી સેવા કે કાર્યને શોધી કાઢો અને તેને પરિપૂર્ણ કરો!

## કાર્યસ્થળના તમારા તેડાને સ્વીકારો

સ્ત્રીઓ કે જેઓને કાર્યસ્થળે કામ કરવાનું તેડું આપવામાં આવ્યું છે તેઓ તેને સ્વીકારીને, વળગી રહીને અને તેને પરિપૂર્ણ કરીને ઈશ્વરના રાજ્યને માટે નોંધપાત્ર ફાળો આપી શકે છે.

## વ્યવહારુ સૂચનાઓ

- **તમારું હૃદય ક્યાં છે તે સમજો.** જો તમારું હૃદય ઘરે સંતુષ્ટ છે, તો તેમાં કશું ખોટું નથી. જો તમારું હૃદય કાર્યસ્થળે કોઈ ચોક્કસ પ્રતિભા બનાવવા ઈચ્છે છે, તો કદાચ તમારે એ બાબત ધ્યાનમાં લેવાની જરૂર છે.
- **તમારા તેડાને અને કૃપાદાનોને ઓળખો.** શું ઈશ્વરે તમને કાર્યસ્થળ માટે કૃપાદાનો આપીને તાલીમબદ્ધ કર્યા છે? તો ઈશ્વરે તમને જે સોંપ્યું છે તેને વ્યર્થ જવા ન દો.
- **તમારી પ્રાથમિક્તાઓને ઓળખો.** બની શકે કે એ સાચું હોય કે તમારી ઈચ્છા કાર્યસ્થળે પ્રતિભા વિકસાવવાની છે અને

કદાચ તે માટે તમને કૃપાદાન પણ મળ્યું હશે, એ શક્ય છે કે થોડા સમય માટે તમારી પ્રાથમિકતા તમારાં બાળકો પ્રતિ હશે. ખાસ કરીને જ્યારે તેઓ જુવાન છો ત્યારે આ વિશેષ રીતે સાચું હશે. તમે કાર્યસ્થળે સમય આપવાને બદલે જીવનના તે કિંમતી સમયને તમારા બાળકોમાં રોકાણ કરવાનું બલિદાનરૂપે પસંદ કરી શકો છો.

- **તમારી મર્યાદાઓને ઓળખો.** આપણા બધામાં વિવિધ ક્ષમતાઓ છે અને તેના મુજબ આપણે કંટાળયા અથવા થાક્યા વગર કામ કરી શકીએ છીએ. તમારે તમારી મર્યાદાને ઓળખી લેવાની જરૂર છે. પત્ની, માતા, ગૃહિણી અને કાર્યસ્થળે એકસાથે એક સ્ત્રી બનીને રહેવું ખૂબ જ પડકારરૂપ હોય શકે છે. જો તમારી પાસે તે બધુ જ કરવાની ક્ષમતા—હોય તો જરૂર કરો! નહીં તો તમારી મર્યાદામાં રહો!

જો તમને કાર્યસ્થળે જઈને કામ કરવાનું તેડું છે, તો કોઈપણ પ્રકારની દોષભાવના અનુભવશો નહિ કારણ કે ઈશ્વરે તમને કૃપાદાનો અને કૃપા આપ્યા છે, જેનો અર્થ છે કે ઈશ્વર તમને કાર્યસ્થળે જોવા માંગે છે. તેથી તે તકનો ઉપયોગ કરો. જો તમને ગૃહિણી બનવા માટે તેડું મળ્યું છે તો, તમારી પાસે “મેનેજર” કે “સીઇઓ”નું પદ ન હોવાથી અને કેવળ “પત્ની” કે “માતા”નું જ પદ હોવાથી લઘુતાગ્રંથિ અનુભવશો નહિ. જો તમે તમારા પ્રથમ પ્રેમ—ઈશ્વરને વળગી રહો છો અને તમારા પ્રાથ-મિક તેડાને સ્વીકારો છો તો, તમારો બદલો બહુ મોટો છે. કારણ કે તે જ તો છે જે ઈશ્વર તમને કરવા કહે છે. માત્ર એટલું યાદ રાખો, તમારામાંના દરેકે પોતાના જીવનમાં ઈશ્વરના તેડાને અને ઈશ્વરની ઈચ્છાને પરિપૂર્ણ કરવાની છે.

## મનન

**1) ઈશ્વર પાસેથી પોતાનું જીવન અને ઓળખ મેળવવા માટે સ્ત્રી કઈ કઈ બાબતોને અપનાવી શકે છે?**

# 3
# કાર્યસ્થળના પડકારોને મહિલાઓ કેવી રીતે પાર પાડી શકે?

## તણાવ

આ ભાગ પુરુષ અને સ્ત્રી બંનેને લાગુ પડે છે. આપણે બધા તણાવનો અનુભવ કરીએ છીએ કારણ કે આપણી પાસે ઘરે અને કામના સ્થળે એમ બંને જગ્યાએ જવાબદારીઓ છે. મારા જીવનની વાત કરું તો, જ્યાં મારે ઘર અને મંડળી બંને જગ્યાએ સંચાલન કરવું પડે છે, બે બાબતો જે મને તણાવ દૂર કરવામાં અને દબાણનો સામનો કરવામાં મદદરૂપ થાય છે તેનો હું અહીં ઉલ્લેખ કરું છુ.

### *1) પ્રભુ પર આધાર રાખતા શીખો*

**યશાયા 26:3**
**દૃઢ મનવાળાને તમે શાંત જ રાખશો; કેમ કે તેનો ભરોસો તમારા પર છે.**

"વિકટ પરિસ્થિતિઓ" અસ્તિત્વમાં છે તેનો નકાર કર્યા વિના અને તેને વળગી રહેવાને બદલે, આપણે ઈશ્વર પર આધાર રાખવો જોઈએ જે સમસ્યાઓ કરતાં મોટા છે. ઈશ્વર તો રાજા છે જેઓ તોફાનોની ઉપર છે અને તેથી, મોજાઓ અને તોફાનોમાં ગભરાવાને બદલે, આપણે જ્યારે રાજા કે જેઓ તેમની ઉપર છે તેમની તરફ દૃષ્ટિ કરવાનું પસંદ કરીએ છીએ ત્યારે તેઓ આપણને સંપૂર્ણ શાંતિમાં રાખે છે. ક્યારેક, હું શાંતિ ખોઈ બેસું છું અને તણાવગ્રસ્ત બની જાઉં છું, પરંતુ હું તે સ્થિતિમાં લાંબો સમય રહેતો નથી, હું મારી જાતને પાછી ખેંચી લઉં છું અને મારા મનને ઈશ્વર તરફ કેન્દ્રિત રાખું છું જે ઈશ્વર સઘળા તોફાનોની ઉપર છે.

## *2) ઈશ્વરના વચન પર મનન કરતાં શીખો*

ઈશ્વરના વચનનું મનન મહાન તણાવમુક્તિ અપાવનાર છે. જો કોઈ ચોક્કસ બાબત તમને પુષ્કળ તણાવ અને દબાણ પેદા કરે છે, તો તે પરિસ્થિતિને લગતા ઈશ્વરના વચનનું મનન કરો અને જેવું તમે આમ કરો છો કે તરત જ તમે ભયને બદલે વિ-શ્વાસથી ભરપૂર થઈ જાઓ છો. ભય તણાવ પેદા કરે છે. ઈશ્વર ઉપર વિશ્વાસ આત્મવિશ્વાસ પેદા કરે છે, જે તમને આરામ અને શાંતિમાં રહેવા મદદ કરે છે.

## સ્પર્ધા

- તંદુરસ્ત અને હકારાત્મક સ્પર્ધા સારી બાબત છે.

જ્યારે તમે 100 મીટરની સ્પર્ધામાં દોડો છો, તમે નવો જન્મ પામેલા છો છતાં, આત્માથી ભરપૂર હોવા છતાં, આખાબોલા અને શેતાનનો પીછો કરતા ખ્રિસ્તી હોવા છતાં, તમે સ્પર્ધામાં અન્ય સ્પર્ધકોનો હાથ પકડીને દોડવાની અપેક્ષા રાખી શકતા નથી! તમારે શરૂઆતથી તે અંત સુધી સમાપ્ત રેખા સુધી તમારું ઉત્તમ કૌશલ્ય આપવાની જરૂર છે. તંદુરસ્ત સ્પર્ધા ઉત્તમ પરિણામ લાવે છે. આ જ પ્રમાણે, કાર્યસ્થળે પણ આપણે યથા-યોગ્ય રહેવાનું છે. પરંતુ તમે બધું જ યોગ્ય રીતે કરો અને તમારા બદલાને માટે ઈશ્વર તરફ દૃષ્ટિ કરો.

**કલોસ્સીઓને પત્ર 3:22-24**

**22 દાસો, તમે માણસોને ખુશ કરનારાઓની જેમ નહિ, અને દેખરેખ હોય ત્યાં સુધી નહિ, પણ ખરા ભાવથી, અને પ્રભુથી ડરીને, પૃથ્વી પરના તમારા માલિકોની સર્વ વાતે આજ્ઞાઓ પાળો.**

**23 માણસોને માટે નહિ પણ જાણે પ્રભુને માટે છે, એમ સમજીને જે કંઈ તમે કરો, તે બધું ખરા દિલથી કરો,**

**24 કેમ કે તમે જાણો છો કે પ્રભુ પાસેથી તમને વારસાનો બદલો મળશે. તમે તો પ્રભુ ખ્રિસ્તની સેવા કરો છો.**

- કાર્યસ્થળે પ્રામાણિક અને નૈતિક રીતે સ્પર્ધા કરવામાં કશું જ

ખોટું નથી. પ્રામાણિક્તા પ્રવર્તે છે!

## પુરુષ અરાજકતા અને લિંગ પૂર્વગ્રહ

ઘણી સંસ્થાઓમાં અઘોષિત નિયમ હોય છે કે તેઓ માત્ર પુરૂષોને બઢતી આપશે. ઘણી મહિલાઓને આ પક્ષપાતનો અનુભવ થયો હશે. આ ઉપરાંત, સમાન પદ માટે પુરુષોની માફક મહિલાઓને મહેનતાણું ચૂકવવામાં આવતું નથી. જો તમે આ પ્રકારની કોઈ પરિસ્થિતિમાં હો તો, ઝઘડો કરશો નહિ. કેવળ ઈશ્વર તરફ દૃષ્ટિ કરો અને યાદ રાખો કે બઢતી અને બદલો ઈશ્વર તરફથી મળે છે અને તે જ ઈશ્વર તમારા હાથના કામને સમૃદ્ધ કરવાને માટે સક્ષમ છે. ઈશ્વર જાણે છે કે કોઈ વ્યક્તિને તમારા રસ્તામાંથી કેવી રીતે ખસેડવી કે જેથી તમને બઢતી મળે.

**ગીતશાસ્ત્ર 75:6,7**

**6 કેમ કે ઉદયથી કે અસ્તથી કે દક્ષિણથી પણ ઉન્નતિ આવતી નથી.**

**7 પણ ઈશ્વર છે, તે જ ન્યાયાધીશ છે; તે એકને નીચો પાડી નાખે છે, અને બીજાને ઊંચો કરે છે.**

## જાતિય તરફેણ

શું તમે તમારી જાતને કોઈ એવી સ્થિતિમાં જુઓ છો કે જ્યાં સુધી તમે તમારા બોસને જાતિય તરફેણ ન કરો ત્યાં સુધી તમને બઢતી કે બદલો મળવાની કોઈ શક્યતા નથી? જો આ પ્રકારે કોઈપણ જાતનું દબાણ કે લાલચ થઈ રહી હોય, તો મક્કમપણે તેનો સામનો કરીને “ના” કહી દો! લાલચમાં આવશો નહિ કે સમાધાન કરશો નહિ. પવિત્ર બની રહો. શુદ્ધ બની રહો. સ્વચ્છ બની રહો. જે મહિલાઓ પરણિત છે, ગમે તે થાય, તમે તમારા પતિને વિશ્વાસુ બની રહો.

- તમારા કાર્યસ્થળે ઈશ્વર તમારા રક્ષક છે.

**ગીતશાસ્ત્ર 3:3**

**પણ હે યહોવા, તમે મારી આસપાસ ઢાલરૂપ છો; તમે મારું ગૌરવ તથા મારું**

**માથું ઊંચું કરનાર છો.**

**ગીતશાસ્ત્ર 27:1**
**યહોવા મારું અજવાળું તથા મારું તારણ છે; હું કોનાથી બીઉં? યહોવા મારા જીવનનું સામર્થ્ય છે; મને કોનું ભય લાગે?**

- યોગ્ય વસ્ત્ર અને પોષાક ધારણ કરો. દેખાદેખીમાં અસભ્ય વસ્ત્ર પહેરવાનું ટાળો, અને તમારી જાતને શિષ્ટાચારથી આભૂષિત કરો.

**તિતસ 2:4,5**
**4 એ માટે કે તેઓ જુવાન સ્ત્રીઓને તેમના પતિ પર તથા બાળકો પર પ્રેમ રખવાનું સમજાવે,**
**5 અને પ્રભુની વાતની નિંદા ન થાય, માટે તેઓ તેમને મર્યાદાશીલ, પતિવ્રપ્ર તા, ઘરનાં કામકાજ કરનારી, માયાળુ થવાનું, તથા તેમના પતિને આધીન રહેવાનુ સમજાવે.**

## વ્યવસાયની પસંદગી

કેટલીક સ્ત્રીઓ ઇવેંટ મેનેજમેંટ, મનોરંજન, ફેશન ડિઝાઇન અને એ પ્રકારના વ્યવસાય સાથે સંકળાયેલી હોય છે. આસપાસ પાપ છે તેને લીધે તમારે આ પ્રકારના વ્યવસાયથી દૂર ભાગવાનું નથી. તમને ગમે કે ન ગમે, પણ દુષ્ટતા લગભગ દરેક વ્ય-વસાય, ઉદ્યોગ કે કાર્યક્ષેત્રમાં અસ્તિત્વમાં છે! ઈસુએ આપણને જગતમાં રહેવા માટે કહ્યું છે, જગતથી નાસી જવા માટે નથી કહ્યું. આ સિદ્ધાંતને તમારા વ્યવસાય કે ઉદ્યોગમાં લાગુ કરો.

**યોહાન 17:14-18**
**14 તમારું વચન મેં તેઓને આપ્યું છે. અને જગતે તેઓના ઉપર દ્વેષ કર્યો છે, કેમ કે જેમ હું જગતનો નથી, તેમ તેઓ પણ જગતના નથી.**
**15 તમે તેઓને જગતમાંથી લઈ લો એવી વિનંતી હું કરતો નથી, પણ તમે તેઓને પાપથી બચાવો એવી [વિનંતી કરું છું.]**
**16 જેમ હું જગતનો નથી, તેમ તેઓ જગતના નથી.**
**17 સત્યથી તેઓને પવિત્ર કરો; તમારું વચન સત્ય છે.**

**[18] જેમ તમે મને જગતમાં મોકલ્યો છે, તેમ મેં પણ તેઓને જગતમાં મોકલ્યા છે.**

જો તમારો વ્યવસાય કે ઉદ્યોગ તમને તમારા વિશ્વાસ, આચરણ, ચારિત્ર્ય, સદગુણો, કે પ્રામાણિક્તાના સિદ્ધાંત સાથે સમાધાન કરવા માટે દબાણ કરે છે, તો તમારે તમારી જાતને જે તે વ્યવસાયમાં તમારા પદ કે સ્થાનને જતું કરીને અન્ય પદ કે સ્થાન માટે પ્રયત્ન કરવો જોઈએ. ઈસુ અને તમારા અંતરઆત્માના અવાજને માટે મક્કમ રહો. કંઈક અલગ કરો. તમારા વ્યવસાય કે સંસ્થામાં પરિવર્તનના પથદર્શક બનો.

જ્યાં લોકો છે ત્યાં ઈશ્વરને તમારી જરૂર છે કારણ કે ઈશ્વરને તમારા અવાજની જરૂર છે જે લોકો સાથે વાત કરી શકે, તમારા હાથની જરૂર છે જે લોકોને સ્પર્શી શકે, અને તમારા જીવનની જરૂર છે જે તેઓને ઈશ્વરનો પ્રેમ પ્રગટ કરી શકે. તેથી તમારા તેડાને વળગી રહો આસપાસનું વાતાવરણ નૈતિક રીતે પડ-કારરુપ હોય તો પણ પરિવર્તન લાવો. અલબત્ત, એ સુનિશ્ચિત કરજો કે તમે પોતે તે વાતાવરણથી પ્રભાવિત થવાને બદલે તેઓને પ્રભાવિત કરવાને માટે આત્મિક રીતે પૂરતા મજબૂત છો.

## મનન

1) યાદ કરો કે તમે એક મહિલા તરીકે કાર્યસ્થળ પર જે સામાન્ય પડકારોનો સામનો કરવા સક્ષમ છો તેનો તમે કેવી રીતે સામનો કરી શકો છો?

# 4
# બેવડી આવક ધરાવતા કુટુંબની મુશ્કેલીઓ—તેને કેવી રીતે ટાળવી

પતિ અને પત્ની બંને જ્યારે કાર્યસ્થળે કમાવા માટે વ્યસ્ત હોય ત્યારે તેમાં કેટલીક મુશ્કેલીઓ કે જોખમો રહેલા છે.

## મુશ્કેલીઓ

### *પરસ્પર અવલંબનને બદલે સ્વતંત્રતા કે સ્વનિર્ભરતા*

જ્યારે જીવનસાથીઓને પોતાના વ્યક્તિગત બેન્ક ખાતા, કાર, ક્રેડિટ કાડ્‌ર્સ, અને વગેરે હોય છે ત્યારે તેઓ પરિવારમાં ઐક્યતાનું નિર્માણ કરવાને બદલે વધારે પડતાં સ્વતંત્ર બની જાય છે.

### *જીવનસાથીઓ વચ્ચે સ્પર્ધા*

એક જ વ્યવસાયમાં કાર્ય કરતા અને યોગ્ય લાયકાત ધરાવતા જીવનસાથીઓ સરખામણી કરે તેવું બની શકે છે અને મહેનતા-ણું, પદ કે હોદ્દો જેવી બાબતો અંગે સ્પર્ધા કરે તેવું બની શકે છે.

### *કાર્યસ્થળ સાથે લગ્ન કરી લે છે*

કેટલાક જીવનસાથીઓ ઈશ્વરની વેદી આગળ કહે છે, “હું માન્ય કરું છું” અને બીજે દિવસે કાર્યસ્થળે જાય છે અને કહે છે, “હું અહીં પણ બધું માન્ય કરું છું” તેઓ તેમનો બધો સમય કાર્યસ્થળે કામ કરવામાં જ વિતાવે છે અને જાણે કે તેમના કાર્યસ્થળ સાથે જ લગ્ન કરેલ છે!

### *વધારે નાણાં પણ સમય ઓછો*

શું તમે સાથે મળીને મહત્વપૂર્ણ બાબતો કરવા માટે વધુ નાણાં ઈચ્છો છો કે વધુ સમય ઈચ્છો છો? આ સમયે, જીવનસાથીઓએ પસંદગી કરવાની છે. કેટલીક બાબતો એવી છે જે નાણાંથી ક્યારેય ખરીદી શકાતી નથી. નાણાં આપણે માટે અદ્ભુત જીવનસાથી કે સોનેરી બાળકો લાવી શકતા નથી. એકબીજા સાથે ગુણવત્તાસભર સમય વ્યતિત કરવાથી સારું દાંપત્યજીવન બંધાય છે. બાળકોને સારી કેળવણી, ઉછેર અને તાલીમ આપી શકાય છે.

### *વધુ પડતું કામ કરતી મહિલાઓ*

બેવડી આવક ધરાવતા કુટુંબોમાં, એ શક્ય છે કે સ્ત્રી ઘરનું અને ઘરની બહાર કાર્યસ્થળે કામ કરતી હોય છે, આખરે વધુ પડતાં કામને કારણે થાકી અને કંટાળી જાય છે. જ્યારે પતિ પત્ની બંને કાર્યસ્થળે કામ કરવામાં વ્યસ્ત હોય ત્યારે એ મહત્વનું છે કે પતિએ પણ ઘરકામની જવાબદારીઓમાં નોંધપાત્ર ભાર વહન કરવો જોઈએ કે જેથી પત્નીને વધુ પડતાં કામનો બોજ વેઠવો ન પડે.

## બેવડી આવકવાળા પરિવારો માટે કાર્યપગલાં

### *સાચા મૂલ્યને સમજો*

જો તમે આખું જગત મેળવો અને તમારું ઘર, પરિવાર અને બાળકો ગુમાવી દો તો તમે સાચું મૂલ્ય ચૂકી ગયા છો. આપણા સમયના ખૂબ નામાંકિત ઉદ્યોગપતિઓ પૈકી કેટલાક છૂટાછેડાવાળા, બીજા કે ત્રીજા લગ્નવાળા લોકો છે. તેઓએ કદાચ ઉદ્યોગજગતમાં મોટી નામના મેળવી હશે અને મોટું કાર્ય કર્યું હશે, મોટા ઉદ્યોગગૃહો ઊભા કર્યા હશે અને વિશ્વભરમાં નામ કમાયા હશે, પરંતુ તેમના પરિવારો તૂટેલા છે. ત્યારે સહજપણે કોઈને પણ આશ્ચર્ય થશે કે શા માટે તેઓ માત્ર એક જ પત્ની

ધરાવતી લગ્ન નામની એક "સંસ્થા"નું સંચાલન કરી શક્યા નહિ! એ એક દુ:ખદ બાબત છે કે તેઓ તેમનું પોતાનું ઘર ચલાવી શકયા નથી. આપણે પસંદગી કરવાની છે વધુ મૂલ્યવાન શું છે—જગતના વખાણ અને પ્રસંશા કે અદ્દભુત લગ્નજીવન અને ઈશ્વરીય બાળકો.

## *સમયના સંતુલન માટે સભાનપણે પ્રયત્ન કરો*

મોટા પડકારો અને દબાણ તો છે જ છતાં, આપણે આપણા સમય અને શક્તિની યોગ્ય વહેંચણી કરવા માટે સભાનપણે સતત પ્રયાસો કરવાની જરૂર છે—ઈશ્વર સાથે સમય, પરિવાર સાથે સમય, ઈશ્વરના ઘરમાં સમય અને કાર્યસ્થળે સમય. મારા પત્ની, એમી, મને હંમેશા આ બાબતની યાદ અપાવે છે, અને હું પણ તેને હંમેશા અંકુશમાં રાખવાનો પ્રયત્ન કરું છું.

## *બે વ્યકિતના (બેવડા) સામર્થ્યનો વિકાસ કરો*

**સભાશિક્ષક 4:9-12**
**9 એક કરતાં બે ભલાં; કેમ કે તેમની મહેનતનું ફળ તેમને સારું મળે છે.**
**10 જો તેઓ પડી જાય, તો તેમાંનો એક પોતાના સાથીને ઉઠાવશે; પણ જે પડતી વેળાએ એકલો હોય, અને તેને ઉઠાડવાને તેની પાસે બીજો કોઈ ન હોય તો તેને અફસોસ છે!**
**11 વળી જો બે સાથે સૂએ તો તેમને હૂંફ વળે છે, પણ એકલાને કેવી રીતે હૂંફ વળે?**
**12 એકલા માણસને કોઈપણ હરાવે, પણ બે તેની સામે થઈ શકે! ત્રેવડી વણેલી દોરી જલ્દી તૂટતી નથી.**

જ્યારે બે વ્યક્તિની શક્તિ સાથે મળે છે ત્યારે સામર્થ્ય બેવડાઈ જાય છે અને આપણે બેગણું હાંસલ કરી શકીએ છીએ. જો જીવનસાથીઓ દરેક ક્ષેત્રોમાં એકસાથે મળીને કાર્ય કરે તો સાથે મળીને ઘણુંબધું હાંસલ કરી શકે છે અને એકલી વ્યકિત કંઈ કરી શકે તેના કરતાં ઘણા આગળ અને વધુ ઊંચા લક્ષ્યાંકો પ્રાપ્ત કરી શકે છે. પતિઓએ પણ ઘરકામમાં પોતાની જવાબ-દારીઓ નિભાવવી જોઈએ, વિશેષ કરીને જ્યારે પત્નીઓ પણ

કામ કરવા માટે ઘરની બહાર જાય છે.

અમારા પોતાના જીવનમાં, મારા પત્ની એમી વૈદકીય ડોક્ટર હોવા છતાં અને તે જ લાઇનમાં તેમની અનુસ્નાતક પદવી માટેનો અભ્યાસ ચાલુ હોવા છતાં, અમારા બાળકો મોટા થઈ જાય ત્યાં સુધી તેણે પોતાની વ્યાવસાયિક કારકિર્દીને અટકાવી દીધી. આમ કરવું સહેલું નહોતું, વાસ્તવમાં, તે પીડાદાયક પણ હતું. અલબત્ત, જ્યારે અમારા બંને બાળકો આખા દિવસની શાળાએ જતાં થયા ત્યારે અને જ્યારે તેને લાગ્યું કે તેણે પોતાની બલિદાનયુક્ત જવાબદારી યોગ્ય રીતે નિભાવી છે ત્યારે મારા પત્ની, એમી, ધીમે ધીમે પોતાના કાર્યસ્થળે પરત ફર્યા.

## મનન

1) બેવડી આવકવાળા પરિવારો દ્વારા સામનો કરવામાં આવતી સામાન્ય મુશ્કેલીઓ ટાળવા માટે તમને મદદરૂપ થઈ શકે તેવા કયા પ્રકારના પગલાં તમે લઈ શકશો?

# શું તમે જાણો છો કે ઈશ્વર તમને પ્રેમ કરે છે?

આશરે 2000 વર્ષ અગાઉ, ઈશ્વર આ જગતમાં માનવ તરીકે આવ્યા. તેમનું નામ ઇસુ છે. તેઓ સંપૂર્ણપણે પાપરહિત જીવન જીવ્યા. જે રીતે ઇસુ દૈહિક રીતે ઈશ્વર હતા, તેથી તેમણે જે કહ્યું અને કર્યું તે આપણી સમક્ષ ઈશ્વરને પ્રગટ કરે છે. તેઓ જે શબ્દો બોલ્યા તે સાચે જ ઈશ્વરના શબ્દો હતા. તેઓએ જે બાબતો કરી તે દરેક ઈશ્વરના કાર્યો હતા. ઇસુએ પૃથ્વી પર ઘણાં ચમત્કારો કર્યા. તેમણે માંદાઓ અને દુ:ખીઓને સાજા કર્યા. તેમણે આંધળાઓની આંખો ખોલી, બહેરાઓના કાન ખોલી નાખ્યા, લંગડાઓને ચાલતા કર્યા અને દરેક પ્રકારની બીમારીઓ અને રોગ મટાડ્યા. તેમણે ચમત્કારિક રીતે થોડી રોટલીને અનેકઘણી કરીને ભુખ્યાઓને ખવડાવ્યું, તોફાનને શાંત કર્યું અને બીજી ઘણી અદ્દભુત બાબતો કરી.

**આ દરેક કાર્યો આપણને દર્શાવે છે ઈશ્વર ભલા ઈશ્વર છે જે ચાહે છે કે બધા જ લોકો સારું, સંપૂર્ણ, તંદુરસ્ત અને સુખી જીવન જીવે. ઈશ્વર ચાહે છે કે બધા જ લોકોની જરૂરિયાતો પૂરી પડાય.**

તો શા માટે ઈશ્વરે માનવ બનીને આ જગતમાં આવવાનું નક્કી કર્યું? શા માટે ઇસુ આવ્યા?

આપણે દરેકે પાપ કર્યું છે અને ઈશ્વર કે જેણે આપણું સૃજન કર્યું તેની સમક્ષ અસ્વીકાર્ય કાર્યો કર્યા છે. પાપના પરિણામો નક્કી જ છે. પાપ એ આપણી અને ઈશ્વરની વચ્ચે અભેદ દીવાલ સમાન છે. પાપ આપણને ઈશ્વરથી જુદા કરે છે અને જેમણે આપણું સર્જન કર્યું છે તેવા ઈશ્વરને પારખવાથી અને તેમની સાથે અર્થપૂર્ણ સબંધ રાખતા અટકાવે છે. અને તેથી ઘણાં લોકો આ ખાલી જગ્યાને અન્ય બાબતોથી ભરવા માટે પ્રયાસ કરે છે.

આપણાં પાપનું અન્ય એક પરિણામ ઈશ્વરથી અનંતકાળીક વિચ્છેદ છે. ઈશ્વરના ન્યાયાલયમાં, પાપની સજા મૃત્યુદંડ છે. મૃત્યુ-સદાને માટે નરકમાં ઈશ્વરથી વિચ્છેદ છે.

પરંતુ સુસમાચાર એ છે કે આપણે પાપથી છુટકારો મેળવી શકીએ છીએ અને ઈશ્વરમાં પુન: સ્થાપિત થઈ શકીએ છીએ. બાઇબલ કહે છે કે, “કેમ કે પાપનો મુસારો મરણ છે, પરંતુ આપણાં પ્રભુ ઇસુ ખ્રિસ્તમાં દેવનું

કૃપાદાન અનંતજીવન છે" (રોમનને પત્ર 6:23). જ્યારે ઇસુ વધસ્તંભ પર મરણ પામ્યા ત્યારે તેમણે સમગ્ર જગતના પાપોને સારૂં ખંડણી ભરી દીધી છે. ત્યારબાદ ત્રણ દિવસ પછી તેઓ સજીવન થયા, ઘણાઓને પોતે જીવંત છે તે બતાવ્યુ અને ત્યાર પછી પાછા સ્વર્ગમાં જતાં રહ્યા.

ઈશ્વર પ્રેમ અને દયા કરવામાં ભલા છે. તેઓ એવું નથી ઇચ્છતા કે કોઈપણ વ્યક્તિ નરકમાં જાય. અને તેથી, તેઓ સમગ્ર માનવજાતને પાપથી છુટકારો પામવાનો રસ્તો અને એના અનંતકાળીક પરિણામો બતાવવા આવ્યા. તેઓ પાપીઓને બચાવવાને – તમારા અને મારા જેવા લોકોને પાપથી છોડાવવા અને અનંતકળીક મૃત્યુથી બચાવવા આવ્યા.

પાપોની આ મફત માફી મેળવવા માટે, બાઇબલ આપણને કહે છે કે આપણે કેવળ એક જ કામ કરવાનું છે – પ્રભુ ઇસુએ વધસ્તંભ જે કાર્ય કર્યું તેને સ્વીકારી લેવું અને તેમના પર પૂરા હ્રદયથી વિશ્વાસ કરવો.

*"... જે કોઇ તેના ઉપર વિશ્વાસ કરે છે તે તેના નામથી પાપની માફી પામશે." (પ્રેરિતોના કૃત્યો 10:43).*

*"જો તું તારે મોઢે ઇસુને પ્રભુ તરીકે કાબુલ કરીશ, અને દેવે તેને મુએલામાંથી પાછો ઉઠાડયો, એવો વિશ્વાસ તારા અંત:કરણમાં રાખીશ તો તું તારણ પામીશ." (રોમનોને પત્ર 10:9).*

જો તમે પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરશો તો તમે પણ તમારા પાપની માફી અને શુદ્ધતા પામી શકો છો.

અહીં નીચે એક સરળ પ્રાર્થના આપવામાં આવી છે જે તમને પ્રભુ ઇસુએ તમારે માટે વધસ્તંભ પર જે કાર્ય કર્યું તેના પર વિશ્વાસ કરવાનો નિર્ણય લેવામાં મદદરૂપ થશે. આ પ્રાર્થના તમને પ્રભુ ઇસુએ તમારે માટે જે કર્યું છે સ્વીકારવાની અભિવ્યક્તિમાં અને પાપોની માફી તથા શુદ્ધતા પ્રાપ્ત કરવા માટે મદદરૂપ થશે. આ પ્રાર્થના માત્ર એક માર્ગદર્શિકા છે. તમે તમારા પોતાના શબ્દોમાં પણ પ્રાર્થના કરી શકો છો.

*પ્રિય પ્રભુ ઇસુ, તમે મારે માટે વધસ્તંભ પર જે કાર્ય કર્યું તેને હું આજે સમજ્યો છું. તમે મારે માટે મરણ પામ્યા. તમે તમારું મૂલ્યવાન રક્ત મારે માટે વહેવડાવ્યું અને મારા પાપોની ખંડણી ભરી કે જેથી મને*

મુક્તિ મળે. બાઇબલ મને કહે છે કે જે કોઈ તમારા નામ વિશ્વાસ કરે છે તે તેના પાપોથી છુટકારો પામે છે.

આજે, મે તમારા પર વિશ્વાસ કરવાનું અને વધસ્તંભ પર મરણ પામીને તથા મરણમાંથી સજીવન થઈને મારે જે જે કાર્ય કર્યું છે તેને સ્વીકારવાનું નક્કી કર્યું છે. હું જાણું છું કે હું મારા સારા કર્મો વડે મારી જાતને બચાવવામાં અસમર્થ છું, અને અન્ય કોઈ મનુષ્ય મને બચાવી શકતો નથી કે મારા પાપોને માટે કિંમત ચૂકવી શકતો નથી.

આજે, હું મારા હ્રદયમાં વિશ્વાસ કરું છું અને મારે મોઢે કબુલ કરું છું કે તમે મારે માટે મરણ પામ્યા, તમે મારા પાપોને માટે ખંડણી ચૂકવી છે, તમે મરણમાંથી સજીવન થયા છો, અને તમારા પરના વિશ્વાસ થકી, મને મારા પાપોની ક્ષમા અને શુદ્ધિકરણ પ્રાપ્ત થાય છે.

પ્રભુ ઇસુ તમારો આભાર. તમને પ્રેમ કરવામાં, તમને વધુ પારખવામાં અને તમને વિશ્વાસુ બની રહેવા માટે મને મદદ કરો.

આમેન

# ઓલ પીપલ્સ ચર્ચ વિષે

ઓલ પીપલ્સ ચર્ચ ખાતે અમારું દર્શન છે કે અમે બેંગ્લોર શહેરમાં મીઠું અને પ્રકાશ બનીએ, દેશ અને વિદેશોમાં એક અવાજ બનીએ.

ઓલ પીપલ્સ ચર્ચ એ એક ઇસુ પ્રેમી, વચન કેન્દ્રિત, આત્માથી ભરપૂર, કૌટુંબિક મંડળી, સજ્જતાનું કેન્દ્ર, મિશન કેન્દ્રની સેવા આધારિત અને એક વિશ્વવ્યાપી સુવાર્તા સંગઠન છે.

- કૌટુંબિક મંડળી તરીકે, અમે ખ્રિસ્ત કેન્દ્રિત સંગત સમાજ તરીકે, ઈશ્વરની મંડળી તરીકે એકબીજાની કાળજી લઈને અને સેવા કરીને સાથે મળીને વૃદ્ધિ પામીએ છીએ.
- સજ્જતાના કેન્દ્ર તરીકે, અમે દરેક વિશ્વાસી વ્યક્તિને વિજયવંત જીવન જીવવા, ખ્રિસ્તસમાન ચારિત્ર્યમાં પરિપક્વ બનવા અને તેઓના જીવનોમાં ઈશ્વરના હેતુઓ પરિપૂર્ણ કરવા માટે સક્ષમ અને સજ્જ કરીએ છીએ.
- મિશન કેન્દ્ર તરીકે, અમારા શહેર, દેશ અને વિદેશોને ઈશ્વરના વચનો અને પવિત્ર આત્માના અલૌકિક પ્રકટીકરણ વડે ઇસુ ખ્રિસ્તની પૂર્ણ સુવાર્તા સાથે આશીર્વાદિત કરવા અમે અર્થપૂર્ણ સેવા કરવામાં લાગેલા છીએ.
- વિશ્વવ્યાપી સુવાર્તા સંગઠન તરીકે, અમે સ્થાનિક અને વૈશ્વિક સ્તરે ઈશ્વરના આગેવાનોને અને આત્માથી ભરપૂર મંડળીઓનું પોષણ કરીએ છીએ જે તેઓના વિસ્તારોને ઈશ્વરના રાજ્ય માટે પ્રભાવિત કરે.

ઓલ પીપલ્સ ચર્ચ ખાતે, અમે ઈશ્વરના પવિત્ર આત્માના અભિષિક્તપણામાં અને પ્રકટીકરણમાં ઈશ્વરના વચનને કોઈપણ જાતનું સમાધાન કર્યા વિના સંપૂર્ણપણે રજૂ કરવા પ્રતિબદ્ધ છીએ. અમે માનીએ છીએ કે સારું સંગીત, રચનાત્મક રજૂઆત, નિષ્ણાત બાઇબલ જ્ઞાન, સમકાલીન સેવાકીય તકનીકો, આધુનિક તકનીકી સાધનો, અને વિગેરે, પવિત્ર આત્માના સામર્થ્યમાં ચિન્હો, ચમત્કારો, આશ્ચર્યકારક કાર્યો અને કૃપાદાનો થકી ઈશ્વર દ્વારા અભિષિક્ત વચન પ્રગટ કરવાના અભિગમનું સ્થાન લઈ શકે નહિ (કરિન્થિઓને પહેલો પત્ર 2:4,5; હિબ્રુઓને પત્ર 2:3,4). અમારો મુદ્રાલેખ ઇસુ છે, અમારી સામગ્રી વચન છે, અમારી પદ્ધતિ પવિત્ર આત્માનું સામર્થ્ય છે, અમારી ધગશ લોકો છે અને અમારો ઉદ્દેશ ખ્રિસ્તસમાન પરિપક્વતા છે.

બેંગલોર ખાતેના અમારા મુખ્ય મથકની સાથે, ઓલ પીપલ્સ ચર્ચની ભારતભરમાં અન્ય ઠેકાણે પણ મંડળીઓ છે. વર્તમાન યાદી પ્રાપ્ત કરવા માટે ઓલ પીપલ્સના સેવાના કેન્દ્રોનો સંપર્ક કરવા માટે, કૃપા કરી અમારી વેબસાઇટ **apcwo.org/locations** મુલાકાત લેશો અથવા અમને **contact@apcwo.org.** આ સરનામે ઇ મેઈલ પણ કરી શકો છો.

# વિનામૂલ્ય પ્રકાશનો

A Church in Revival
A Real Place Called Heaven
A Time for Every Purpose
Ancient Landmarks
Baptism in the Holy Spirit
Being Spiritually Minded and Earthly Wise
Biblical Attitude Towards Work
Breaking Personal and Generational Bondages Change
Code of Honor
Divine Favor
Divine Order in the Citywide Church
Don't Compromise Your Calling
Don't Lose Hope
Equipping the Saints
Foundations (Track 1)
Fulfilling God's Purpose for Your Life
Gifts of the Holy Spirit
Giving Birth to the Purposes of God
God Is a Good God
God's Word—The Miracle Seed
How to Help Your Pastor
Integrity
Kingdom Builders
Laying the Axe to the Root
Living Life Without Strife
Marriage and Family
Ministering Healing and Deliverance
Offenses—Don't Take Them
Open Heavens
Our Redemption
Receiving God's Guidance
Revivals, Visitations and Moves of God
Shhh! No Gossip!
Speak Your Faith
The Conquest of the Mind
The Father's Love
The House of God
The Kingdom of God
The Mighty Name of Jesus
The Night Seasons of Life
The Power of Commitment
The Presence of God
The Redemptive Heart of God
The Refiner's Fire
The Spirit of Wisdom, Revelation and Power
The Wonderful Benefits of Speaking in Tongues
Timeless Principles for the Workplace
Understanding the Prophetic
Water Baptism
We Are Different
Who We Are in Christ
Women in the Workplace
Work Its Original Design

નવા પુસ્તકો નિયમિત રીતે પકાશિત થાય છે. APC ખ્રિસ્તી પુસ્તકો PDF, ઓડિયો અને અન્ય સ્વરૂપે વિનામુલ્યે ડાઉનલોડ કરવા માટે કૃપા કરી અમારી વેબસાઇટ **apcwo.org/books** ની મુલાકાત લેશો. આ પૈકીના ઘણાં પુસ્તકો અન્ય ભાષાઓમાં પણ પ્રાપ્ય છે. વિનામુલ્યે ઓડિયો અને વિડીયો સંદેશાઓ, સંદેશાઓની નોંધ અને અન્ય સંસાધનો માટે કૃપા કરી અમારી વેબસાઇટ **apcwo.org/sermons** ની મુલાકાત લેશો.

# કવચયુક્ત સલાહ

કવચયુક્ત સલાહ વ્યક્તિગત સલાહ પૂરી પાડે છે જે લોકોને જીવનના પડકારોનો સામનો કરવા અને તેની પર વિજય પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. કવચયુક્ત સલાહ એક વ્યાવસાયિક રીતે તાલીમબદ્ધ અને અનુભવી ખ્રિસ્તી સલાહકારોની ટીમ છે.

અમારી સેવાઓ દરેક વયજૂથના લોકો માટે છે અને જીવનના વિવિધ પડકારોને ઉદ્દેશીને આપવામાં આવે છે.

| | |
|---|---|
| **કિશોરાવસ્થા** | **વર્તનમાં ખામી** |
| **વ્યક્તિગત અનુકૂળતા** | **વ્યક્તિમત્તામાં ખામી** |
| **સંબધોમાં પડકારો** | **મનોવૈજ્ઞાનિક/ભાવનાત્મક સમસ્યાઓ** |
| **શિક્ષણમાં ઓછી સિદ્ધિ** | **તણાવ/આઘાત** |
| **કામને લગતા મુદ્દાઓ** | **દારુ/ડ્રગ્સ નો દૂરપયોગ** |
| **કુટુંબ/દંપતિ: લગ્ન પહેલા/ લગ્ન પછી** | **આધ્યાતિંક મુદ્દાઓ** |
| **માતા-પિતા/બાળકો/ભાઈ-બહેન/ સહકર્મી** | **જીવન સલાહ** |

કવચયુક્ત સલાહની ફી વ્યાજબી છે અને અમારા કોઈપણ તાલિમબદ્ધ સલાહકાર સાથે અગાઉથી મુલાકાત નક્કી કરીને મેળવી શકાય છે.

**વેબસાઇટ** : **chrysalislife.org**
**ફોન:** +91-80-25452617 અથવા ટોલ ફ્રી (સંપૂર્ણ ભારતમાંથી) 1-800-300-00998
**ઈમેલ: counselor@chrysalislife.org**

કવચયુક્ત સલાહ કેન્દ્ર ઓલ પીપલ્સ ચર્ચ અને વર્લ્ડ આઉટરીચની એક સેવા છે.

# ઓલ પીપલ્સ ચર્ચ સાથે સહભાગીતા

ઓલ પીપલ્સ ચર્ચ એક સ્થાનિક મંડળી તરીકેની પોતાની સીમાઓની બહાર જઈને, વિશેષ કરીને, ઉત્તર ભારતમાં, ખાસ રીતે (1) આગેવા-નોનું સશક્તિકરણ, (2) સેવાને માટે યુવાનોને સજ્જ કરવા, (3) ખ્રિ-સ્તના શરીર (મંડળી)નું બાંધકામ, સાથે ધ્યાન કેન્દ્રિત કરીને પોતાની સેવાઓ આપે છે. વર્ષ દરમ્યાન "ખ્રિસ્તી આગેવાનો માટેની પરિષદ" અને યુવાનોની તાલીમ માટેના સંખ્યાબંધ સેમિનાર રાખવામાં આવે છે. વધુમાં, વિશ્વાસીઓને વચન અને આત્મામાં સજ્જ કરવાના હેતુસર હજારોની સંખ્યામાં અંગ્રેજી અને અન્ય ભારતીય ભાષાઓમાં વિવિધ પ્રકાશનોની નકલોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

અમે આપને એકવારના કે માસિક નાણાકીય દાનો માટે સહભાગી-દારી કરવા આમંત્રણ આપીએ છીએ. સમગ્ર ભારતમાંથી આપનું કોઈપણ દાન જે આપ અમને સહાયરૂપ થવાના હેતુસર મોકલો છો તેની અમે પુષ્કળ કદર કરીએ છીએ.

આપ આપના દાનો અમને અમારી ઓફિસના સરનામે "ઓલ પીપલ્સ ચર્ચ"ની તરફેણમાં ચેક/બેન્ક ડ્રાફ્ટ સ્વરૂપે મોકલી શકો છો. અથવા તો, આપ આપના દાનો અમારા બેન્ક ખાતામાં સીધા જમા કરાવીને પણ આપી શકો છો. નીચે અમારા બેન્ક ખાતાની વિગતો આપેલી છે:

**Account Name:** All Peoples Church
**Account Number:** 50200068829058
**IFSC Code:** HDFC0004367
**Bank:** HDFC Bank, 7M/308 80 Ft Rd, HRBR Layout, Kalyan Nagar, Bengaluru - 560043, Karnataka

***કૃપા કરીને નોંધ લેશો:*** *ઓલ પીપલ્સ ચર્ચ માત્ર ભારત ખાતેની બેન્કોના બેન્ક ખાતા દ્વારા નાણાકીય સહયોગ સ્વીકારી શકે છે. આપનો નાણાકીય સહયોગ આપતી વખતે જો આપ ઈચ્છો તો, અમારી કઈ ચોક્કસ સેવા માટે આપના સહયોગનો ઉપયોગ થાય તે આપ દર્શાવી શકો છો.* **વધુ માહિતી માટે કૃપા કરી અમારી વેબસાઇટ apcwo.org/give. ની મુલાકાત લેશો.**

અને હા, કૃપા કરી અમારી સેવાઓ માટે જ્યારે પણ આપને અનુકૂળ હોય ત્યારે અવશ્ય પ્રાર્થના કરશો.


## DOWNLOAD THE FREE APP!

*Search for*

"All Peoples Church Bangalore"
in the App or Google play stores.

Available on the App Store

ANDROID APP ON Google play







*A daily 5-minute video devotional.*
*A daily Bible reading and prayer guide.*
*5-minute Sermon summary.*
*Toolkit with Scriptures on various topics to build faith and information to share the Gospel.*
*Resources with sermons, sermon notes, TV programs, books, music and more.*

*IF YOU LOVE IT, TELL OTHERS ABOUT IT!*

# ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ

**apcbiblecollege.org**

ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ અને સેવાકીય પ્રશિક્ષણ કેન્દ્ર, બેંગલોર, ઈંડિયા, એક આત્માથી ભરપૂર, અભિષિક્ત, પ્રશિક્ષણની સાથે અનુભવ અને ઈશ્વરના વચનોને એક સૈદ્ધાંતિક રીતે શીખવામાં અને પવિત્ર આત્માના અલૌકિક સામર્થ્યમાં સેવા કરવામાટે શિક્ષણ આપે છે. અમે વ્યક્તિને સંપૂર્ણ રીતે સેવા કરવામાટે તેના વિકાસમાં એક દૈવીય ચરિત્ર, ઈશ્વરના વચનમાં ઊંડાણપૂર્વક સમજ અને ઇશ્વરી શક્તિદ્વારા તેના અજાયબ પરાક્રમો અને ચમત્કારોના પ્રદર્શનથી દરકે બાબતો ઈશ્વરસાથેના સંબદ્ધમાં ઘનિષ્ઠતા કેળવવામાં મદદરૂપ થઈએ છીએ.

ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ (APC-BC) માં, એક સૈદ્ધાંતિક શિક્ષણની સાથે અમે ઈશ્વરના પ્રેમને પ્રદર્શિત કરવો અને પવિત્ર આત્માના અભિષેક અને હાજરીનો અનુભવ અને ઈશ્વરના દૈવીય કાર્ય ઉપર ભાર મૂકીએ છીએ. ઘણા બધા જુવાનો અહીં પ્રશિક્ષણ પ્રાપ્ત કરીને ઈશ્વરના દર્શનને તેમના જીવનમાં પૂરું કરવાને માટે તૈયાર થયા છે.

અમે ત્રણ કાર્યક્રમ ચલાવીએ છીએ.

- એક વર્ષ માટે સર્ટિફિકેટ ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (C.Th.)
- બે વર્ષ માટે ડિપ્લોમા ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (Dip. Th.)
- ત્રણ વર્ષ માટે બેચલર ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (B.Th.)

ક્લાસ દર અઠવાડિયે લેવામાં આવે છે. **સોમવારથી શુક્રવાર સવારે 9:00 થી બપોરે 12:00 સુધી, ભારતીય સમય અનુસાર (UTC +5:30).** અમે ત્રણ રીતે પ્રશિક્ષણ માટેના પર્યાય આપીએ છીએ.

- **ઓન કેમ્પસ**: વ્યક્તિગત તમે કોલેજમાં આવીને હાજરી આપો
- **ઓનલાઇન**: ઓનલાઇન દ્વારા તમે ક્લાસમાં હાજરી આપો
- **ઇ-લર્નિંગ**: પોતાની રીતે અમારી વેબસાઇટ ઉપરથી તમે શિક્ષા પ્રાપ્ત કરો. apcbiblecollege.org/elearn

**ઓનલાઇન અરજી** કરવા માટે અને વધુ માહિતી જેમ કે કોલેજ, અભ્યાસક્રમ, પાત્રતા, પ્રશિક્ષણની ફી અને અરજી કરવામાટેના ફોર્મને ડાઉનલોડ કરવામાટે apcbiblecollege.org ની મુલાકાત લો.

શું એ યોગ્ય છે કે મહિલાઓએ કાર્યસ્થળે હોવું જરૂરી છે? જુદા જુદા લોકોનો આ માટે અલગ-અલગ અભિપ્રાય હોય શકે. કેટલાક કહેશે “હા”, જ્યારે કેટલાક કહેશે “ના! સ્ત્રીએ ઘરમાં જ રહેવું જોઈએ અને ઘરની બહાર પગ મૂકવો જોઈએ નહીં.” લોકો કદાચ પવિત્ર શાસ્ત્રનાં વચનો ટાંકીને પોતાના મતને સાચો ઠરાવવાનો યત્ન કરશે. ઈશ્વરે કહ્યું કે સ્ત્રીનું પ્રાથમિક તેડું તેના પતિની પત્ની, તેના બાળકોની માતા અને ઘરની દેખરેખ રાખવાનું છે. પણ, તેમણે એ નથી કહ્યું કે સ્ત્રીએ વ્યવસાયમાં સામેલ થવું નહીં.

બાઇબલ અધ્યયનના અમારા અભ્યાસમાં અમે જોયું છે કે ઈશ્વરે સંપૂર્ણ ઇતિહાસમાં વિવિધરીતે જુદી જુદી ક્ષમતાઓમાં સ્ત્રીઓનો ઉપયોગ તેમના ઘરની બહાર પણ કર્યો છે. બાઇબલ કોઈ પણ જગ્યાએ સ્પષ્ટરીતે નથી કહેતું કે સ્ત્રીઓએ કાર્યસ્થળે ના હોવું જોઈએ. બાઈબલના અર્થઘટનમાં, જો બાઇબલ કોઈ બાબતોનો વિરોધ નથી કરતું તો એનો મતલબ એમ થાય કે ઈશ્વર આપણને વચનોમાં આપેલી મર્યાદાઓને ધ્યાનમાં રાખીને એક ચોક્કસ નિર્ણય લેવા માટે સંમતિ આપે છે.

સ્ત્રીઓ, ઈશ્વર ઈચ્છે છે કે જ્યાં લોકો છે ત્યાં તમે રહો અને તેમની ઇચ્છા છે કે તમારી વાચાદ્વારા તે લોકોની સાથે બોલે અને તમારા જીવનો દ્વારા તેમનો પ્રેમ લોકોને પ્રદર્શિત કરે. તેથી, જ્યાં ઈશ્વરે તમને તમારા કાર્યસ્થળે મૂક્યા છે ત્યાં તમે બદલાણ લાવનાર બનો.




**All Peoples Church & World Outreach**
# 319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd Block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, INDIA

Phone: +91-80-25452617
Email: contact@apcwo.org
Website: apcwo.org